# સંઘપતિ સચિવ શ્રી વસ્તુપાલ વિરચિત
# મનોરથમય રૈવતકમંડન શ્રી નેમિજિન સ્તોત્ર

અમૃત પટેલ

સંઘપતિ કવિ શ્રી વસ્તુપાલ સચિવે રૈવતક મહાતીર્થની સંઘ સાથે યાત્રા કરી. અને ત્યાં રૈવત મહાતીર્થ મંડન શ્રી નેમિજિનના ભવનમાં પોતાનાં મનોરથમય ૧૨ પદ્ય-પુષ્પોના દલથી એક સ્તુતિ[૧]માલા ગૂંથી છે.

આ સ્તુતિરૂપ માલાનાં અક્ષરરૂપ પત્રો વિક્રમાંક ૧૫મા શતકમાં લખાયેલ હસ્તપ્રતમાં સુરક્ષિત છે. આ પ્રત **મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા**—ગુજરાત ખાતે આવેલ આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિ હસ્તપ્રત ભંડારમાં ૧૪૭૬૭ નંબરની પ્રતના ૨૧મા પત્ર ઉપર લખાયેલ છે. એ હસ્તપ્રત ઉપરથી આ સ્તુતિ સંપાદિત કરી છે. આ મનોરથ-સ્તુતિમાલામાં વસ્તુપાલ કવિના મનોરમ મનોરથોનો ભાવ, સમૃદ્ધ ભાષા અને મુખ્યત્વે શાર્દૂલવિક્રીડિત છંદોબદ્ધ ૧૨ લલિત સુંદર પદ્યોમાં પ્રકટ થયાં છે.

આવું ૧૨ પદ્યયુક્ત મનોરથમય વિમલાચલમંડન શ્રી આદિનાથ સ્તોત્ર પણ મહાકવિ વસ્તુપાલના મનોરથના શિવપદ માટે નિઃશ્રેણી સમાન દીપે છે[૨], જે પણ સાંપ્રત અંકમાં પ્રગટ થઈ રહ્યું છે.

આ બન્ને મનોરથમય સ્તોત્રોમાં શબ્દો, શૈલી, રચના, છંદો-વિચારો વગેરેમાં રસપ્રદ સામ્ય છે. છતાં વિમલાચલમંડન આદિ જિન સ્તોત્રમાં શત્રુંજયગિરિની દ્વીપ, પવિત્ર આશ્રમ, દુર્ગ, નંદનવન વગેરે વિવિધ ઉપમામંડિત સ્તુતિ કરાઈ છે અને પ્રસ્તુત મનોરથમય નેમિજિનસ્તોત્રમાં સાધકના ચિત્તમાં પ્રભુદર્શનના મનોરથ કઈ રીતે સફળ થાય છે, મોહ-વિષ મૂર્છિત ચિત્ત કઈ રીતે પ્રભુના મુખચંદ્રનાં પીયૂષપાનથી આનંદિત થાય છે, તેની પ્રક્રિયા[૩] દર્શાવવાનો અભિપ્રાય હોય એવું પ્રતીત થાય છે.

રૂપકાલંકાર મંડિત[૪] પ્રસ્તુત સ્તોત્રમાં—પ્રથમ પદ્યમાં 'मनोरथदलैः' પદમાં રૂપક અલંકારના માધ્યમથી પ્રાકરણિક 'સ્તુતિ'નું નિગરણ કરીને ઉપમાન 'માલા'નું ઉપાદાન થયું છે. તથા અન્ત્ય પદ્યમાં 'हारं मनोरथमयं...चक्रे પદોમાં પણ નિગરણમૂલક રૂપકાતિશય અલંકારનો સુચારુ નિર્વાહ થયો છે. અને 'विषयग्राम' શબ્દમાં શ્લેષમૂલક રૂપક અલંકારના પ્રયોગમાં મોહરાજાના વિજયથી (પંચેન્દ્રિયનો) 'विषयग्राम' વશ થાય છે એ સત્ય પણ મુખરિત બન્યું છે.

પદ્ય ૪થામાં સંસારને કારાગૃહનું તથા પદ્ય ૮મામાં એને અટવીનું સંપૂર્ણ રૂપક અપાયું છે. છતાં કાવ્યની સુચારુતા અક્ષુણ્ણ રહેવા પામી છે, જે મહામાત્યની કવિત્વપ્રૌઢિનું ઉદાહરણ પૂરું પાડે છે. પદ્ય ૧૦માં 'આપને મેં 'ક્યાંક' જોયા છે. છતાં હું ભવસમુદ્રમાં મગ્ન થઈ ગયો છું. તો આપ ક્યારે મારો ઉદ્ધાર કરવા ઇચ્છો છો ? આપે તો પૂર્વે પશુઓને પણ પુનર્જીવન પ્રદાન કર્યું છે તો 'હું તો પ્રજ્ઞાશીલ માનવ છું, આપનો ભક્ત છું, તો મને ક્યારે તારશો ?' આ વસ્તુથી વ્યંગ્ય આક્ષેપ અલંકાર ધ્વનિત થાય છે.

પ્રાન્તે પ્રભુ શ્રી નેમિનાથને એક પ્રાર્થના છે કે આ મારાં મનોરથ-વૃક્ષો આપનાં દર્શન-અમૃતથી સફળ બનો. આમ વીરધવલ ભૂપાલના સચિવ શ્રી વસ્તુપાલ સંઘપતિએ વાસ્તવમાં સહૃદયોનાં હૃદયનું એક ગરવું આભરણ સર્જ્યું છે.

પ્રસ્તુત સ્તોત્રનું સંપાદન એકમાત્ર પ્રતને આધારે કરવું પડ્યું છે. તેથી પદ્ય ૩જામાં 'હસ્તપ્રત'માં 'यद त्वद् वक्त्रेन्दु' પદ હતું ત્યાં છંદોભંગ થતો હતો તેથી 'यद् त्वद् वदनेन्दु' એવું સંશોધન કરવું પડ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્તુત સ્તોત્રના તૃતીય પદ્યમાં 'अमृतापूर्त्तं' પદ વ્યાકરણ અને વેદપરંપરા પ્રમાણે વિચારણીય છે. માટે અનુવાદ પણ 'અમૃતથી પરિપૂર્ણ અથવા અમૃતના કુંડ સમાન' એવો કર્યો છે.

**ટિપ્પણો :**

૧. બીજું એક "રૈવતકાદ્રિ મંડન શ્રી નેમિ જિન સ્તોત્ર છે જે મહામાત્ય વસ્તુપાલ પ્રણીત છે. તેનો આરંભ जयत्यसमसंयमः થી થાય છે. તેમાં ૧૨ પદ્યો છે. તેમાં 'નેમિનાથ ભગવાનની સ્તુતિને શાશ્વત ગ્રૈવેયક તરીકે નિરૂપેલ છે.

श्रीमन्नेमिजिनेशितुः स्तुतिरियं ग्रैवेयकं शाश्वतम्'. (જુઓ મુનિશ્રી પુણ્યવિજયજી સંપાદિત 'સુકૃત કીર્ત્તિકલ્લોલિન્યાદિ વસ્તુપાલ પ્રશસ્તિ સંગ્રહ' પૃષ્ઠ ૯૩ (સિંઘી જૈન ગ્રંથમાલા ૫, મુંબઈ વિક્રમ ૨૦૧૭.)

૨. तीर्थेशाऽग्रिम ! वस्तुपालसचिवो विश्वाग्रजाग्रत्पदा—ऽऽरोहाय प्रगुणं मनोरथमयं निःश्रेणिमाशिश्रियत् ॥१॥ એજન પૃષ્ઠ ૯૨.

૩. મોહગ્રસ્ત ચિત્ત શાન્તરસમય ધ્યાનથી શાંત થાય છે.

ચિત્ત શાંત થતાં રાતદિન પ્રભુમુખદર્શનથી (જ્ઞાન-દર્શન રૂપ) નેત્રોમાં નિર્મલ (આધ્યાત્મિક ભાવરૂપ) પ્રેમનો સ્પર્શ થાય છે.

નેત્રો નિર્મલ થતાં કુતર્કો, લોભ, કામ અને મોહ અંધકારરૂપ લાગે છે જેથી સંસાર કારાગૃહથી નીકળવાને કારણે વિશ્વસૂર્ય સમ પ્રભુનો સાક્ષાત્કાર થાય છે.

પ્રભુનાં દર્શન થતાં ફરીથી વૈરાગ્યભાવ પુષ્ટ બને ત્યારે 'પ્રભુ ચરણ સરોજ રજની મૈત્રી' જ ભવકૂપથી નીકળવા માટે वरत्रा = અવલંબન-રજ્જુ છે. એવી પ્રતીતિ થાય.

આ પ્રતીતિ થતાં જ 'અદર્શનીય'નાં દર્શન રૂપ પુરાણાં પાપોનું પ્રક્ષાલન થાય. સિદ્ધિ-સરિતામાં સ્નાનની તાલાવેલી જાગે, કામ-ક્રોધ વગેરેથી પ્રભુચરણો જ સંરક્ષણ આપે અને રૈવતાચલ જેવા દિવ્ય પર્વતની કોઈ કંદરામાં ધ્યાનની તાલી લાગી જાય. પ્રત્યાહારાદિ સિદ્ધ થતાં ચપળ મન સ્થિર બને જેથી ભાવસાગર તરવો સહજ બને !

૪. ૧૨ પદ્યોના પ્રસ્તુત સ્તોત્રમાં રૂપકાલંકારનું પ્રાચુર્ય છે. (१) मोहनृपं, विषयग्रामश्रियः, मनोरथदलैः (२) विषयारण्यान्तरे, मोहमहोरग, शान्तरसामृत.., (३) वदनेन्दुदीधितिसुधा, भवग्रीष्मोष्म (४) प्रमानिगडान्, लोभार्गलां, कामादीन् यामिकान्, मोहतमसः, संसारकारागृहात्, (५) स्मरदन्दशूक, दुर्वासनासैवलैः, कषायकमठैः, मोहाम्भसि, पदाम्बुजमैत्रीं वरत्रां भवावर्त्तान्धिकूपात्, (६) दुराचाराऽध्व, लावण्यसमृद्धि, सिद्धिसरिति, (७) भवग्रीष्मोष्म, दर्शनदव, मुखचन्द्र, महःपीयूष, चक्षुश्चकोरद्वयम्, (८) व्याधि-विरोधिभिः, स्मरमहा-चोरेण, कषायकेशरि, भवाटवीं, (९) आनन्दोर्मि, भवार्णव, (११) मनोरथमयाः तरवो, त्वद् दर्शनाऽमृतरसैः, (१२) हारं मनोरथमयं. આમ પ્રસ્તુત સ્તોત્રમાં કુલ ૩૬ રૂપકાલંકાર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## श्रीरैवतमंडननेमिजिनस्तोत्रम्

### ( शार्दूलविक्रीडितवृत्तम् )

श्री **चौलुक्य**महीमहेन्द्रसचिवः श्री**वस्तुपालः** कवि-
र्जित्वा मोहनृपं विधाय विषयग्रामश्रियो वश्यताम् ॥
अस्मिन् **रैवतदैव**तस्य भवने स्वात्मावबोधद्गम-
प्रोद्भूतैः पृथुभिर्मनोरथदलैर्बध्नाति मालामिमाम् ॥१॥

स्वान्तं **रैवतमौ[ लि ]**रत्न ! विषयाऽरण्यान्तरे सञ्चर-
न्नीतं मोहमहोरगोग्रगरलोत्सेकेन मूर्च्छालताम् ॥
सद्यः शान्तरसाऽमृतप्लवमयध्यानाऽवधानाऽञ्चितै-
रेभिः पुण्यमनोरथैर्गरहरैर्मन्त्रैरिवोज्जीव्यते ॥२॥

स **श्रीरैवतकावतंस** ! भगवन् ! भावी कदा वासरः
सा वा यामवती स कश्चिदमृतापूर्त्तं मुहूर्त्तोऽथवा ॥
यत्र त्वद् वदनेन्दुदीधितिसुधासारैर्भवेयुर्भव-
ग्रीष्मोष्मप्रसरं निरस्य विशदप्रीतिस्पृशो मे दृशः ॥३॥

मन्थित्वा निबिडान् प्रमानिगडान् निर्भिद्य लोभार्गलां
कामादीन् विनिहत्य **रैवतपते** ! तान् यामिकान् जाग्रतः ॥
एतस्माद् दुरपोहमोहतमसः संसारकारागृहा-
न्निर्गत्य त्वयि विश्वभास्वति कदा दास्ये सलास्ये दृशौ ? ॥४॥

मूर्च्छालः स्मरदन्दशूकदशनैर्दुर्वासनासै[शै]वलै-
रालीढः कषितः कषायकमठैर्मग्नश्च मोहाम्भसि ॥
निर्गन्तास्मि कदा पदाम्बुजरजोमैत्रीं वरत्रां तव
प्राप्याऽलङ्कृत **रैवताऽचल** ! भवाऽऽवर्त्तान्धकूपादितः ॥५॥

स्वामिन् ! **रैवतकाद्रि**शेखर ! दुराचाराऽध्वसञ्चारिणा-
मन्येषामसमानकल्मषमुखाऽऽलोकेन कल्माषिताः ॥
त्वल्लावण्यसमृद्धिसिद्धिसरिति स्नानैकतानव्रताः
पावित्र्यं मम विश्वपावन ! कदा सम्भावयेयुर्दृशः ॥६॥

श्रीमन् ! **रैवतकल्पपादप** ! भवग्रीष्मोष्मसन्तापितं
दोषादर्शदुरीशदर्शनदवज्ज्वालाकरालं च मे ॥
देव ! त्वन्मुखचन्द्रमण्डलमहःपीयूषपानोत्सवात्-
क्षीबानन्दमिदं भविष्यति कदा चक्षुश्चकोरद्वयम् ॥७॥

विद्धो व्याधिविरोधिभिः स्मरमहाचौरेण दूरीकृतः
सर्वस्वस्य (?) कषायकेशरिकुलव्यालोकनाद् व्याकुलः ॥
यातस्तात ! भवाटव्वीं **यदुकुलोत्तंस** ! श्रितो **रैवतं**-
दुर्गं निर्गमये कदा तव पदा[दे]ऽभ्यर्णे भटे तद् भयम् ॥८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्वामिन् ! **रैवतकाद्रि**कन्दरदरीकोणप्रणीतासनः
प्रत्याहारमनोहरं सुकुलयन् कल्लोललोलं मनः ॥
त्वां चण्डांशुमरीचिमण्डलरुचं साक्षादिवाऽऽलोकयन्
सम्पद्येय कदाचिदात्म[मि]कपरानन्दोर्मिसंवर्मितः ॥९॥

मन्ये सर्वजनीनपीनमहिमा ! **शैवेय** ! निर्वेयता (निर्वेद ते ?)
दृष्टः क्वाऽपि भवान् भवार्णवकुले मग्नस्तथैवाऽस्मि यत् ॥
तत्सम्प्रत्यपि धीर ! धारयसि मामुद्धर्तुमिच्छां कदा
तिर्यञ्चो ऽप्यथवा कथं न भगवन् ! पूर्वं त्वयोज्जीविताः ॥१०॥

**( वसन्ततिलका वृत्तम् )**

स्वामिन् ! **समुद्रविजया**त्मज ! विश्वनाथ !
न प्रार्थयेऽन्यदिह किञ्च तव प्रसादात् ।
एते मनोरथमयास्तरवो मदीया-
स्त्वद्दर्शनाऽमृतरसैः फलिनो भवन्तु ॥११॥

**( आर्या वृत्तम् )**

श्री**वीरधवल**भूपति-सचिवः श्री**वस्तुपाल**सङ्घपतिः
हारं मनोरथमयं सहृदय-हृदयैकभूषणं चक्रे ॥१२॥

**ભાવાનુવાદ**

(૧) મહી મહેન્દ્ર ચૌલુક્ય (શ્રી વીરધવલના) સચિવ શ્રી વસ્તુપાલ કવિ, મોહરાજનો વિજય કરીને તથા 'વિષયગ્રામ'(= વિષયસમૂહ કે વિષયરૂપ ગ્રામો)ને વશ કરીને પોતાને આત્મબોધની પ્રાપ્તિથી ઉત્પન્ન થયેલ વિશાલ મનોરથ રૂપી દલથી (સ્તુતિ રૂપી) આ માલાને શ્રી નેમિજિનવરના ભવનમાં બાંધે છે.

(૨) હે રૈવતગિરના મસ્તકમણિ ! શ્રી નેમિનાથ ! (સાંભળો) વિષય-વનમાં ભમતું મારું મન, મોહ-વિષધરનાં વિષસિંચનથી મૂર્ચ્છા પામ્યું હતું. (પરંતુ તે હવે) શાંતરસ રૂપી અમૃત-પ્રવાહમય ધ્યાનમાં એકાગ્રતાથી વિષહર મંત્ર સમાન (બનેલા) પવિત્ર મનોરથો વડે પુનઃ સચેત થયું છે.

(૩) શ્રી રૈવતગિરિ મંડન ! ભગવાન્ શ્રી નેમિનાથ ! અમૃત-પૂર્ત (= અમૃતથી પરિપૂર્ણ અથવા અમૃતના કુંડ સમાન) તે દિવસ, તે રાત્રિ કે તે મુહૂર્ત ક્યારે આવશે ? કે જ્યારે આપના મુખચંદ્રની જ્યોત્સ્ના-સુધાની ધારાથી ભવરૂપ ગ્રીષ્મની ઉષ્ણતા દૂર કરીને મારાં નેત્રો વિશદ-પ્રીતિના સ્પર્શને પામશે ?

(૪) તર્કરૂપી બેડીઓને તોડીને, લોભરૂપી અર્ગલા(આગળિયો=અવરોધક)ને ભેદીને, કામ વગેરે જાગ્રત પ્રહરીને હણીને, વિચારોના દુષ્ટ આરોહ-અવરોહરૂપ મોહઅંધકારમય સંસારકારાગારમાંથી નીકળીને હું વિશ્વસૂર્ય સમાન આપનામાં પ્રસન્ન નેત્રો ક્યારે સ્થાપીશ ?

(૫) હું કામરૂપી નાગના દંશથી મૂર્ચ્છા પામ્યો છું. દુષ્ટ વાસનારૂપી સેવાળથી ખરડાયો છું. કષાયરૂપ કાચબાઓથી (ખેંચાયો છું) ઘર્ષણ પામ્યો છું. મોહ-જલમાં ડૂબ્યો છું. તો હે રૈવતાચલ શણગાર ! નેમિજિનવર ! આપના ચરણ-કમલ-રજની મૈત્રીરૂપી આલંબન-રજ્જુ (દોરડું) પામીને ભવરૂપ અંધકૂપમાંથી ક્યારે બહાર નીકળીશ ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬) દુરાચારના માર્ગમાં જનારા બીજાઓનાં અસમાન પાપમય મુખ જોવાથી પાપી બનેલાં મારાં નેત્રો, હે રૈવતાચલશેખર ! વિશ્વપાવનકારી, નેમિ સ્વામી ! આપના લાવણ્યથી સમૃદ્ધ એવી સિદ્ધિરૂપી સરિતામાં સ્નાનમાં એકતાન (થવાની) ભેખધારી થઈને ક્યારે પવિત્ર બનશે ?

(૭) રૈવત પર્વતના કલ્પવૃક્ષ સમાન હે નેમિ દેવ ! મારાં બે નેત્રચકોરો ભવરૂપી ગ્રીષ્મની ઉષ્ણતાથી તાપ પામ્યાં છે. (=દાઝી ગયાં છે.) દોષોના 'આદર્શ' સમાન કુદેવનાં દર્શનરૂપ દાવાનલની જ્વાળાઓથી વિકરાળ બન્યાં છે. તે આપના મુખરૂપ ચંદ્ર-બિંબનાં પ્રભા-પીયૂષનાં પાનથી ક્યારે અપૂર્વ આનંદથી મત્ત થશે ?

(૮) વ્યાધિરૂપી વિરોધીઓથી હું વીંધાયો, કામરૂપી ચોરે મારું સર્વસ્વ હરી લીધું. (કામરૂપ ચોર દ્વારા હું સર્વસ્વથી દૂર કરાયો છું.) કષાય-કેસરીને જોવાથી હું વ્યાકુળ બન્યો છું. ભવવનમાં ભટક્યો છું. હવે હે દયાલુ ! યદુકુલ મુગટ ! શ્રી નેમિજિન ! રૈવત-દુર્ગમાં આવ્યો છું. તો તારાં ચરણરૂપી સુભટ જ્યારે નજીક આવે છે ત્યારે હું વ્યાધિ વગેરેના ભયને ક્યારે દૂર કરીશ ?

(૯) હે નેમિ સ્વામી ! રૈવતપર્વતની ગુફાના કોઈક ખૂણામાં આસન બાંધું ને પછી (સંકલ્પ-વિકલ્પરૂપી) કલ્લોલથી ચપલ બનેલા મારા મનને 'પ્રત્યાહાર'થી સુંદર (બનાવીને) અનુકૂળ કરતાં કરતાં, હું સૂર્યમંડલ સમાન આપને જાણે સાક્ષાત્ નીરખતો હોઉં તેમ આત્મિક આનંદની ઊર્મિથી ભરપૂર ક્યારે બનીશ ?

(૧૦) સર્વજનને હિતકારી એવા પ્રગાઢ પ્રભાવ ધરાવતાં હે શિવામાતાના નંદન શ્રી નેમિજિન ! મેં આપને ક્યાંક તો જોયા છે. છતાં હું ભવસાગરના કિનારે ડૂબી ગયો છું. તો હવે હે ધીર ! મારો ઉદ્ધાર કરવાની ઇચ્છા ક્યારે રાખો છો ? ... અથવા તો હે ભગવન્ ! આપના દ્વારા પશુઓ પણ પુનર્જીવન પામ્યાં છે.

(૧૧) સમુદ્રવિજય નૃપનંદન, વિશ્વનાથ હે નેમિનાથ ! તારી કૃપા-પ્રસાદ-પ્રસન્નતા સિવાય બીજું કંઈ પણ ઇચ્છતો નથી. માત્ર આ મારાં મનોરથરૂપી વૃક્ષો આપનાં દર્શનરૂપી અમૃત-રસથી સફળ થાઓ !

(૧૨) આમ વીરધવલ ભૂપતિના સચિવ, સંઘપતિ શ્રી વસ્તુપાલે સહૃદયો(સજ્જનો)નાં હૃદયનું આભૂષણ સમાન આ મનોરથરૂપ હારની રચના કરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org